ડૉ. એચ. કે. ભાવસાર
અધિક નિયામક (ત.સે.)

ક્રમાંક:- નં/“પી.એમ.જે.એ.વાય./કોરોના સારવાર ઉમેરવા બાબત /2021
કમિશ્નરશ્રી,આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (ત.સે.), બ્લોક નં.૪/૧ ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
તા.12-05-2021

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી- તમામ

વિષય: પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મુખ્યમંત્રી અમૃતમ/ મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત COVID 19ની સારવાર આપવા બાબત.

સંદર્ભ- તારીખ 12.05.2021 ના રોજ મળેલ કોર કમિટીમા લીધેલ નિર્ણય મુજબ.

ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રી ને જણાવવાનું કે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મુખ્યમંત્રી અમૃતમ/ મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત લાભાર્થીઓને COVID 19 હેઠળ સારવાર સહેલાઇથી મળી રહે તેના માટે યોજના અંતર્ગત જોડાયેલ તમામ સરકારી, ટ્રસ્ટ/ ગ્રાન્ટ-ઇન-એઇડ તેમજ ખાનગી દવાખાનાઓ જે COVID 19 ની સારવાર આપી શકે છે (સરકારના ધારાધોરણ મુજબ) તેવા તમામ દવાખાનાઓને યોજના અંતર્ગત લાભાર્થીઓ ની COVID 19 ની સારવાર માટે પ્રતિદિન મહત્તમ રૂપિયા 5,000 લેખે મહત્તમ 50000 સુધી સારવાર ખર્ચ નીચે પ્રમાણે મળી રહેશે.

| Admission Type | Per day rate (NABH) | Per day rate ( non NABH) |
|---|---|---|
| Routine ward | Rs.2000 / day | Rs.1800 / day |
| HDU | Rs.3000 / day | Rs.2700 / day |
| ICU ( no ventilation) | Rs.4000 / day | Rs.3600 / day |
| ICU ( ventilation support) | Rs.5000 / day | Rs.4500 / day |

સારવાર આપતા પહેલા પી.એમ. જે. એ.વાય ના સોફ્ટવેર માં લાભાર્થીની નોંધણી તેમજ online દાવા ની મંજૂરી મેળવવાની રહેશે. COVID 19 સારવાર ખર્ચમાં લાભાર્થીને આપવાની થતી તમામ દવાઓ, ઇન્જેક્શન, diagnostic, તપાસ, ચા- નાસ્તા, જમવાનું, ડોક્ટરનું consultation, નર્સિંગ ચાર્જ, હોસ્પિટલ બેડ (આઈસીસીયુ, વેન્ટીલેટર સહિત) જેવા તમામ ખર્ચ નો સમાવેશ થાય છે. દર્દીને સી.ટી સ્કેન (ફક્ત એક જ વખત) તેમજ આર.ટી.પી.સી.આર ટેસ્ટ માટે અલગથી મંજૂરી મેળવવાની રહેશે જેનો ખર્ચ નું ચુકવણું અલગથી યોજના અંતર્ગકરવામાં આવશે. લાભાર્થીને COVID 19 ને લગતી તમામ પ્રકારની સારવાર મફત આપવાની રહેશે.

Scanned with CamScanner

ઉપરોક્ત ખર્ચમાં લાભાર્થીને હોસ્પિટલ ડિસ્ચાર્જ થી દસ દિવસ સુધી આપવાની થતી તમામ દવાઓનો ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ સારવાર તારીખ 10 જુલાઈ 2021 સુધી દાખલ થનાર દર્દીઓ માટે માન્ય રહેશે.

ઉપરોક્ત બાબતે આપના જિલ્લાના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મુખ્યમંત્રી અમૃતમ/ મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના સાથે સંકળાયેલ તમામ દવાખાનાઓ જે સરકારના ધારાધોરણ મુજબ COVID 19 ની સારવાર આપવા સક્ષમ હોય તેવા તમામ દવાખાનાઓને તાત્કાલિક ઉપરોક્ત બાબતે સૂચના આપવા જણાવવામાં આવે છે.

અધિક નિયામક ( ત સે )
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ.)

નકલ સવિનય રવાના:
- PS ટુ પ્રીન્સીપલ સેક્રેટરીશ્રી (આરોગ્ય), આરોગ્ય, પરિવાર કલ્યાણ, તબીબી સેવાઓ તબીબી શિક્ષણ, બ્લોક નંબર ૭, ૭ મો માળ ,નવા સચિવાલય , ગાંધીનગર
- PS ટુ કમિશનર શ્રી (આરોગ્ય), આરોગ્ય, પરિવાર કલ્યાણ, તબીબી સેવાઓ તબીબી શિક્ષણ, બ્લોક નંબર ૫, ડોક્ટર જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:
- ડોક્ટર ચંદ્રકાંત શુક્લા, સ્ટેટ કો-ઓર્ડીનેટર, એમડી ઇન્ડિયા હેલ્થ કેર ટી.પી. એ, ઇન્ફોસિટી, ગાંધીનગર- યોજના સાથે સંકળાયેલ તમામ દવાખાને જાણ અને અમલવારી કરવા સારૂ.
- શ્રી કે. બી. ખેંચી, સ્ટેટ કો-ઓર્ડીનેટર, દી ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની, ડિ. ઓ -3, એલિસ બ્રિજ, અમદાવાદ- યોજના સાથે સંકળાયેલ તમામ દવાખાના ઓને જાણ અને અમલવારી કરવા સારૂ.

Scanned with CamScanner